BRAMPTON Service and Information Update

# 19મી ઑગસ્ટ સુધી સીટી ઓફ઼ બ્રૅમ્પટને રહેવાસીઓ અને વ્યવસાયોને વેરા સ્થગિત કરવાની ગુંજાશ આપવી ચાલુ રાખી છે અને તમામ દંડ જતા કરે છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (04 મે 2020) – સીટી ઓફ઼ બ્રૅમ્પટન માર્ચ 18 થી ઑગસ્ટ 19 ની પાંચ મહિનાની અવધિ માટે રહેવાસીઓ અને વ્યવસાયોને કોઇ વ્યાજ અને વિલંબિત ચૂકવણીની ફી વિના વેરા સ્થગિત કરવાની (ડિફ઼રલ) ગુંજાશ આપવી ચાલુ રાખી છે. આ વચગાળાના ટૅક્સ બિલ માટે લાગુ છે જે જાન્યુઆરીમાં મેલ કરવામાં આવ્યું હતું.

ડિફ઼રલ પ્રોગ્રામ માર્ચ 21ના રોજથી COVID-19 સામેના પ્રતિભાવ રૂપે શરૂ કરવામાં આવ્યો હતો.

કોઈપણ વ્યક્તિ જેમણે હજું સુધી પૂર્વ-અધિકૃત કર ચૂકવણી રદ કરવા સિટીનો સંપર્ક કર્યો ન હોય અને જેઓ તે મે અને જુનના હપતા માટે કરવાની ઈચ્છા ધરાવતા હોય તેઓએ સિટીની વેબસાઇટ પર પોતાની વિનંતી નોંધાવવા માટે ઓનલાઇન ફ઼ોર્મ ભરવાનું રહેશે. પછીની તારીખે પ્રિ-ઓથોરાઇઝ્ડ કરેલ વેરાના ચૂકવણા ફરી શરૂ કરવા માટે ચૂકવણાધારકે સિટીને ફરીથી અરજી કરવાની જરૂર પડશે.

તેવા લોકો જેઓના ગીરો (મોરગેજ)ના ભાગરૂપે વેરા ચુકવાઇ ગયા હોય તેઓએ તે નિર્ધારિત કરવા કે શું તેઓ વેરાની ચુકવણી રદ કરી શકે કે કેમ, પોતાના મોરગેજ પ્રદાતાનો સંપર્ક કરશે. ગીરો પ્રદાતાએ તમને સૂચિમાંથી રહેવાસી/વ્યવસાયને દૂર કરવા સિટીને જાણ કરવાની રહેશે.

વેરા સ્થગિત કરવાનો અર્થ વેરા રદ થયા એવો થતો નથી. તમામ સ્થગિત રકમો સિટીને ઑગસ્ટ 19મી પહેલા પ્રાપ્ત થવી જોઇશે જેથી તે સમય સુધી ભેગી થયેલ કોઈપણ ચુકવવાપાત્ર બાકી રકમ પર થતા દંડ અને વ્યાજ ટાળી શકાય. ઑગસ્ટ 19ની સમાપ્તિ તારીખ પહેલા કોઈપણ ચુકવવાપાત્ર વેરા ચુકવી દેવા માટે કરદાતાઓ પાસે નાના ચુકવણા અથવા સામટી રકમ ભરવાનો વિકલ્પ છે.

જુલાઈના પૂર્વાર્ધમાં સિટી સપ્ટેમ્બર 23, ઓક્ટોબર 21 અને નવેમ્બર 18ની ચુકવણાની અંતિમ તારીખો ધરાવતું અંતિમ ટૅક્સ બિલ જારી કરશે.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca